Seat No. ________________

**HF-1601010101062201**

**B. A. (Sem. VI) Examination**

**April - 2023**

**Gujarati**

*(અપઠિત - ગદ્ય-પદ્ય, વિવરણ, નિબંધ)*

***(Old Course)***

Time : **2:30** Hours / Total Marks : **70**

**સૂચના :** (1) પાંચ પ્રશ્નોના જવાબ આપો.
(2) બધા પ્રશ્નોના ગુણ સરખા.

**1** નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો. **14**

'એ લોકો પ્હેલાં કાપડના તાકા ભરી રાખે છે.
પછી જ્યારે ઉઘાડો માણસ ફાટી જાય છે
ત્યારે વાર વાર વેચે છે.
એ લોકો પ્હેલાં ધાન્યના કોથળા સીવી રાખે છે.
પછી જ્યારે માણસ સડી જાય છે
ત્યારે કીલો-કીલો વેચે છે.
એ લોકો પ્હેલાં ઔષધની શીશી ભરી રાખે છે.
પછી જ્યારે માણસ ફાટી જાય છે
ત્યારે ટીપે ટીપે રેડે છે.
એ લોકો લોકો નથી.
એ તો છે નોટોને ખાઈ ઊછરતી ઊધઈ
બીજું એને ભાવતું નથી
મારે કવિ થવું જ નથી
ભારે અસર કરનારી જંતુનાશક દવા થાઉં તો બસ.

(પ્રિયકાન્ત મણિયાર)

**અથવા**

'ઘર તમે કોને કહો છો?
જ્યાં ટપાલી પત્ર લાવે,
શોધતા વણ શોધતા મિત્રો અને મહેમાન જ્યાં ચડી આવે,
ક્યારેક આવી પડે,
જેનું બધાંને ઠામઠેકાણું તમે આપી શકો
તેને તમે શું ઘર કહો છો?
તો પછી જ્યાં જ્યાં તમે પગથી ઉતારીને પગરખાં,
ભાર-ટોપીનોય - માથેથી ઉતારીને,
અને આ હાથ બે પ્હોળા કરીને 'હાશ' કહો,
જ્યાં સર્વનાં મુખ જોઈ તમને સ્હેજમાં મલકી ઊઠે
ત્યાં ત્યાં બધે કહો શું તમારું ઘર નથી?
તે ઘર તમે કોને કહો છો?'

- (*નિરંજન ભગત*)

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. **14**

''જગતમાં મતભેદ, દ્રષ્ટિભેદ અને હિતભેદ રહેવાના જ. મારીને, લડીને, વાદવિવાદ કરીને, પગેપડીને કે ચૂપ બેસી રહેવાથી એ ભેદ જવાના નથી. સમાજમાં બધી વિવિધતાઓ હોવાથી જ - સમાજ જેમ જેમ વધતો જાય તેમ તેમ તેની પ્રવૃત્તિ વિવિધ થતી જવાની. કાર્યની પદ્ધતિમાં ભિન્ન મતિ આવવાની એથી પણ આગળ જઈને એમ કહેવું જોઈએ કે જીવન સમૃદ્ધ થાય તે સારુ ભેદ આવશ્યક પણ છે. તદ્દન સાદા સંગીતને પણ ચાર-પાંચ સૂરની જરૂર રહે છે. ઉચ્ચ પ્રકારના સંગીતને બાવીસ શ્રુતિઓની જરૂર પડે છે. તેથી પ્રશ્ન એ નથી કે મતભેદ કેમ ટાળવા પરંતુ મતભેદને વિશે સહિષ્ણુતા, આદર જાળવી સંપ કેમ રાખવો એ સાચો પ્રશ્ન છે. ઘરમાં રોટલો એક જ હોય અને ખાનાર બાળક અને માતા બે જણ હોય, તો તે બંનેનો સ્વાર્થ પરસ્પર વિરોધી છે. પરંતુ તે કારણથી જ તે બે વચ્ચે લડાઈ ઊભી થતી નથી, કેમકે બંનેમાં રહેલ સમજ અને પ્રેમની શક્તિ બળવાન છે. સમાજમાંથી તકરારો કાઢવાને સારું પણ આ જ ગુણોનો પરિપોષ કરવો જોઈએ.''

*(કાકાસાહેબ કાલેલકર)*

**અથવા**

''વસ્તુતઃ સર્જક અને વિવેચક બંને જોડિયા ભાઈઓ જ છે. તત્ત્વ-દ્રષ્ટિએ તો વિવેચક પણ સર્જક જેવો જ કલાકાર માલૂમ પડે છે. કોઈ પદાર્થ કે વિષયનાં સંસ્પર્શથી પોતાના ચિત્તમાં ઉદ્‌ભવેલી ઊર્મિઓને અન્યના ચિત્તમાં સંક્રાન્ત કરી આપનાર વિવેચક પણ સર્જક જેવો જ કલાકાર નથી? એ પણ સાહિત્ય કે કલાની કૃતિનાં સંસ્પર્શથી એનાં દર્શન, વાચન, અધ્યયન, મનન આદિરૂપ સંસ્પર્શથી પોતાના ચિત્તમાં ઉદ્‌ભવેલી ઊર્મિઓને અન્યના ચિત્તમાં સંક્રાન્ત કરવાની જ પ્રવૃત્તિ કરે છે. તો પછી એને સર્જનશીલ કલાકાર શા માટે ન કહેવો? જે ભેદ કરવામાં આવે છે. તે કેવળ એમના ઉપાદાન વચ્ચેનો ઉપલક ભેદ જ છે સર્જકનું પ્રતિબિંબ ઉપાદાન પ્રત્યક્ષ જીવન છે. ત્યારે વિવેચકનું ઉપાદાન સર્જન પ્રતિબિંબિત પરોક્ષ જીવન છે. સર્જક ઈશ્વર નિર્મિત સૃષ્ટિનું આલેખન કરે છે ત્યારે વિવેચક કવિ નિર્મિત સાહિત્ય સૃષ્ટિનું આલેખન કરે છે.''

***(વિશ્વનાથ મ. ભટ્ટ)***

**3** નિબંધ લખો : **14**

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'

**અથવા**

ઉચ્ચશિક્ષણના પ્રશ્નો અને પ્રવાહો.

**4** 'વૈશ્વિક ક્ષેત્રે પર્યાવરણની કટોકટી'. **14**

**અથવા**

'બેટી બચાવો બેટી પઢાઓ'.

**5** આજની સાંપ્રત સમસ્યાઓ. **14**

**અથવા**

સાહિત્યકારનું સામાજિક કર્તવ્ય.